# કોરોનાના કારણે બે વર્ષ પછી મહાશિવરાત્રી પર્વની આસ્થા ઉમંગથી ઉજવણી કરાશે

**આજે મહાશિવરાત્રિ : જિલ્લાના શિવાલયો શિવભક્તોથી ઉભરાઈ જશે, મહા શિવરાત્રીના મેળા યોજાશે, શિવાલયોમાં ડમરૂંના નાદ ગુંજશે : પૂર્વ સંધ્યાએ અનેક શિવાલયો રોશનીથી જગમગી ઉઠ્યા : લાખો ભક્તો ભાંગનો પ્રસાદ લેશે**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

૨૪ કરોડ દેવતાઓમાં અત્યંત કૃપાપાત્ર દેવ ગણાતા ભગવાન ભોળાનાથની આરાધનાનું પર્વ ગણાતા મહાશિવરાત્રિ પર્વની સાબરકાંઠા, અરવલ્લીના ૧૬૦૦ થી વધુ શિવાલયોમાં ભારે આસ્થા અને ઉમંગ સાથે મંગળવાર સવારથી ઉજવણી કરાશે. પરોઢથી ભક્તોની હાજરીથી શિવાલયો હરહર મહાદેવના નાદથી ગુંજી ઉઠશે. સમી સાંજ થતાં ભક્તોને ભાંગનો પ્રસાદ અપાશે. મહાશિવરાત્રિને લઈને અનેક દેવમંદિરોને રોશનીથી શણગારવામાં આવ્યા છે. જ્યારે ભજન સંધ્યાના પણ આયોજન થયા છે. શિવરાત્રિના મેળા અનેક સ્થળે યોજાશે. કોરોનાના કારણે છેલ્લા બે વર્ષથી શિવમંદિરોમાં ભવ્ય મહાશિવરાત્રિનું આયોજન બંધ રહ્યું હતું પરંતુ કોરોના સંક્રમણ હળવું થતાં આજે હર્ષોલ્લાસથી બે વર્ષ પછી મહાશિવરાત્રિ પર્વની ઉજવણી થશે.

ભગવાન શિવની આરાધના માટે શ્રાવણ માસ પછી શિવરાત્રિનું સૌથી વધુ મહત્વ રહેલું છે. શિવજીને પ્રિય એવી શિવરાત્રિના દિવસે ઓમ નમઃ શિવાય પંચાક્ષરી મંત્રના જાપથી અનંતગણું ફળ પ્રાપ્ત





થતું હોવાથી શિવભક્તો ભારે આતૂરતાપૂર્વક શિવરાત્રિની રાહ જોતા હોય છે. જિલ્લામાં આજે શિવરાત્રિ મહોત્સવ ઉજવાનારો હોઈ શિવ મંદિરોમાં અગાઉથી જ તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે. જિલ્લામાં શિવરાત્રિ મહોત્સવ નિમિત્તે મંદિરોને રંગરોગાન કરવાથી માંડી રોશનીથી શણગારાતાં શિવ મંદિરો ઝળાંહળાં થઈ ઉઠ્યાં છે. જિલ્લામાં શિવરાત્રિ નિમિત્તે રૂદ્રાભિષેક, જળાભિષેક અને ચાર પ્રહર પૂંજાના કાર્યક્રમો આયોજીત કરાયા હોઈ આજે વહેલી સવારથી શિવ મંદિરોમાં ભક્તોનાં ઘોડાપૂર ઉમટી પડશે. શિવરાત્રિના દિવસો શ્રદ્ધાળુઓ ઉપવાસ રાખતા હોવાથી અનેક શિવ મંદિરોમાં મંદિરના પૂંજારી તથા મહંતા દ્વારા ફળાહારનું આયોજન અગાઉથી જ ગોઠવી દેવાયા છે. ખાસ કરીને શિવ ભક્તો ભાંગના રસિયા હોવાથી શિવ મંદિરોમાં પૂંજા બાદ ભક્તોને ભાંગ પ્રસાદી વહેંચવામાં આવશે. બાયડના વર્ષો પુરાણા વૈજનાથ મહાદેવ ખાતે આજે મહાશિવરાત્રિ પર્વમાં ૨૦૦૦થી વધુ શિવભક્તો ભગવાન શિવજીના પૂજા અર્ચનમાં સામેલ થશે અને તેમના માટે વિશેષ પ્રસાદીનો પ્રબંધ કરાયો છે તે જ રીતે બાયડના ઋણમુક્તેશ્વર, સોમનાથ મહાદેવ, વાંટડાના ધારેશ્વર મહાદેવ, માલપુરના રક્ષેશ્વર મહાદેવ તથા બેરણાના શિવ મંદિર, ભિલોડાના ભવનાથ મંદિર, વિજયનગરના વિરેશ્વર મહાદેવ, ઝાંઝરીના ગંગેશ્વર મહાદેવ, ઉજળેશ્વરના ઉજળેશ્વર મહાદેવ, રાજેન્દ્રનગરના સોમનાથ મહાદેવ, ચમારપુરના બનૈયા મહાદેવ, સાયરા નજીકના ગેબીનાથ, મોડાસાના કાશી વિશ્વનાથ મહાદેવ સહિતના શિવ મંદિરોમાં લાખો શિવ ભક્તો દર્શનાર્થે ઉમટી પડશે. ટૂંકમાં આજે જિલ્લો સંપૂર્ણપણે શિવમય બની જશે.

**તત્કાલિન મુખ્યમંત્રી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહેનત રંગ લાવી**

# ઉત્તર ગુજરાતના ગુજરાતીઓ માટે હરિદ્વારમાં હરિ હરિ તેજ હોટલ શરુ

**દેશ-વિદેશના ગુજરાતીઓ માટે એન.આર.જી. કાર્ડધારક તેનો ઉપયોગ કરી શકશે**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

વિશ્વ સહિત ભારતના વિવિધ રાજ્યોમાં વસવાટ કરતા ગુજરાતીઓ હરિદ્વારની મુલાકાતે આવે ત્યારે યોગ્ય સ્થળે રોકાઈ શકે તે માટે ગુજરાત સરકારના એન.આર.આઈ. વિભાગ દ્વારા સંચાલિત એન.આર.જી. ફાઉન્ડેશન દ્વારા



હરિદ્વારમાં આવેલી હરિ હરિ તેજ હોટલને ગુજરાત બહાર પ્રથમ લાભાર્થી તરીકે ઓળખવામાં આવી છે. હરિદ્વારમાં આવતા દેશ-વિદેશના ગુજરાતીઓ કે જેમની પાસે એન.આર.જી. કાર્ડ છે તેઓ તેનો ઉપયોગ કરી શકશે. ગાયત્રી પરિવાર દ્વારા પણ અનેક પરિવારોને એન.આર.જી. કાર્ડ આપવા માટેની તજવીજ શરુ કરવામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગુજરાતીઓ સમગ્ર દેશ ઉપરાંત વિશ્વમાં પણ વસવાટ કરતા હોય છે. ગુજરાતીઓએ ધંધા-રોજગાર ક્ષેત્રે પોતાની આગવી નામના મેળવવાની સાથે ગુજરાતની સંસ્કૃતિને આગળ ધપાવવાનો પ્રયાસ કર્યો છે. ત્યારે ગુજરાતના મુખ્ય મંત્રી દ્વારા નરેન્દ્ર મોદી હતા ત્યારે તેઓએ એન.આર.જી. ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય વિશ્વ સહિત ભારતના વિવિધ રાજ્યોમાં વસતા ગુજરાતીઓ તેમના કામ માટે આવે ત્યારે યોગ્ય સ્થાને રોકાણ કરી શકે. વર્ષોથી ગુજરાતની બહાર દેશ-વિદેશમાં વસવાટ કરે છે અને પોતાના કોઈ કામ માટે ગુજરાતમાં આવે છે તેઓને સરકારી કામોથી લઈને ખરીદી સુધીનો સહકાર મળે છે જેથી એન.આર.જી. ડીવીઝન દ્વારા રાજ્યભરની સંસ્થાઓ સાથે કરારો થયા હતા. નોના રેસીડેન્સીયલ ગુજરાતી એટલે કે એન.આર.જી. ફાઉન્ડેશન દરેક એન.આર.જી.ને તેમની માતૃભૂમિ સાથે જોડવા માટે એક અનન્ય અને અનન્ય ગુજરાત ઓળખકાર્ડ જારી કરે છે. દેશ કે વિદેશમાં રહેતા તમામ ગુજરાતીઓ આ ગુજરાત આઈ.ડી. કાર્ડ દ્વારા વિશેષ ભાવ વિશેષાધિકારી મેળવી શકે છે. દેવભૂમિ હરિદ્વારની મુલાકાત લેતા ગુજરાત કાર્ડધારકો માટે ગુજરાતની બહાર આ પ્રથમ સંસ્થા બની છે. એન.આર.જી. કાર્ડ ધારક અને ગુજરાતી સંસ્થાના વડા રાજેશ પાઠક, પવન દવે, મેહુલ પટેલ, ક્વિન દેસાઈ વગેરેએ તેમાં જરૂરી માર્ગદર્શન આપી રહ્યા છે.

# યુક્રેન-રશિયા યુદ્ધ, પોલેન્ડ બોર્ડર બંધ કરાતાં માઈનસ ૧૧ ડિગ્રી ઠંડીમાં છાત્રોની હાલત કફોડી

**હાડ થીજવતી ઠંડીમાં વતન વાપસી પૂર્વે બોર્ડર સીલ : બોર્ડર પાર કરવા અંધાધૂંધીનો માહોલ**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

રશિયા-યુક્રેનના ૩ દિવસથી ચાલતા ભયાનક યુદ્ધના



અહેવાલોમાં વિશ્વ યુદ્ધ ફાટી નિકળવાની દહેશત વચ્ચે સાબરકાંઠ્ય અને અરવલ્લી જિલ્લાના છાત્રો ૫૦ કીલોમીટર પગપાળા પ્રવાસ કરી પોલેન્ડ બોડર પહોંચ્યા તો ખરા પરંતુ માઈનસ ૧૧ ડિગ્રી ઠંડીમાં બોર્ડર સીલ કરી દેવામાં આવતાં છાત્રોની હાલત ક્લોડી થઈ છે. જ્યારે બોર્ડર પાર કરી સ્વદેશ પહોંચવા માટે હજારોની સંખ્યામાં ભારતીયો પોલેન્ડ બોડર એકત્ર થયા હોવાથી ધક્કામુક્કીસાથે અંધાધૂધીનો માહોલ ઉભો થયાના અહેવાલ છે. હાડથીજવતી ઠંડીમાં બંને જિલ્લાના મેડીકલ છાત્રો બોર્ડર ઉપર જ ઉપર આભ અને નીચે ધરતીની સ્થિતિમાં ક્યારે પોલેન્ડની સરકાર અંદર પ્રવેશવાની મંજૂરી આપે છે તેની રાહ જોઈને બેધ્ય છે. યુક્રેનમાં અસંખ્ય ગુજરાતીખો ફસાયા હોવાનો આકો રોજ વધી રહ્યો છે. ખાસ કરીને મેડીકલ અભ્યાસ માટે સ્થાયી થયેલા છાત્રોની હાલત અત્યંત મુશ્કેલ ભરી બની રહી છે. યુકેન-રશિયાના યુદ્ધમાં ફસાયેલા ભારતીયોની વતન વાપસી માટે કાર્યવાહી શરુ થઈ છે પરંતુ ભીષણ યુદ્ધથી વ્યવસ્થાના આડે અનેક અડચણો ઉભી થતા પરિવારજનો ચિંતામાં ગરકાવ છે. સાબરકાંઠ્ય, અરવલ્લી જિલ્લાના ૧૦ જેટલા વિદ્યાર્થીનો ભયાવહ સ્થિતિ વચ્ચે પગપાળા પોલેન્ડ બોડર પહોંચ્યા છે પરંતુ ખરી મુસીબત હવે શરુ થઈ છે. પોલેન્ડ સરકારે બોર્ડર સીલ કરી દીધી છે અને માઈનસ ૧૧ ડિગ્રી તાપમાનમાં ક્ષતિલ ઠંડી છાત્રોને ધ્રુજાવી રહી છે. પોલેન્ડ બોર્ડર ઉપર છાત્રો ઉપરાંત અન્ય ભારતીયોનો સમૂહ મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયો હોવાના કારણે બોર્ડર ઉપર અફરા તફરીનો માહોલ ઉભો થયો છે. થોડાક સમય માટે બોર્ડર ખોલવામાં આવી ત્યારે ધક્કામુક્કીનો માહોલ સર્જાયો હોવાથી સત્તાવાળાઓ દ્વારા ફરીથી બોર્ડર સીલ કરી દેવામાં આવી છે. તલોદ તાલુકાના નાનાચેખલાના ભાવિન પટેલ સહિતના છાત્રો છેલ્લાં ૨ દિવસથી પોલેન્ડ બોર્ડર પહોંચ્યા પછી બોર્ડરના દ્વાર ક્યારે ખૂલશે તેની રાહ જોઈને બેત્ર છે. છાત્રો પાસે પૂરતી ખાદ્ય સામગ્રી પણ ન હોવાથીસ્થિતિ વધુ વિકટ બનવાના અણસાર છે. પોલેન્ડ બોર્ડર ઉપર અટવાયેલા છાત્રના પિતા તળીયસ પટેલે જણાવ્યું હતું કે હવે તો બોડર ફસાયેલા મેડીકલ છાત્રોના મોબાઈલ ફોનની બેટરી પણ ડિસ્ચાર્જ થઈ છે અને ફોન ચાર્જ થઈ શકે તેવી કોઈ વ્યવસ્થા ન હોવાના કારો સંપર્ક થઈ શક્તો નથી. જયાં સુધી ભારતીય એમ્બેસી દ્વારા પોલેન્ડ સરકારને છાત્રોના બોર્ડર પ્રવેશ અંગે માહિતી આપવામાં નડ્માવે ત્યાં સુધી વતન વાપસી અંગે ઘેવું મુશ્કેલ હોવાનું જણાવ્યુંછે. જોકે ગાત્રોથીજવતી ઠંડીમાં તમામ છાત્રોએ યુદ્ધની સ્થિતિથી વિચલિત થયા વિના બોર્ડર પ્રવેશનું મન મક્કમ બનાવી રાખ્યાનું વધુમાં જણાવ્યું હતું.

**ભારતીય એમ્બેસી ઝડપથી બોર્ડર પ્રવેશ કરાવે**

પોલેન્ડ બોર ૫૦ કિ.મી. દૂરનો પ્રવાસ ખેડી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૫૦ છાત્રો પહોંચ્યા તો ખરા પરંતુ હવે બોર્ડર સીલ કરવામાં આવતાં મુશ્કેલ સ્થિતિ ઉભી થઈ છે. પોલેન્ડ બોર અટવાયેલા તલોદ તાલુકાના નાનાચેખલાના છાત્ર ભાવિન પટેલના પિતા કાળીદાસ પટેલે જણાવ્યું હતું કે જયાં સુધી ભારતીય એમ્બેસી ઝડપથી છાત્રોને બોર્ડર પ્રવેશ અપાવા માટે રજૂઆથ નહીં કે ત્યાં સુધી કાતિલ ઠંડીમાં છાત્રોને ખુલ્લામાં રાહ જોવી પડે તેમ છે.

**ફોનની બેટરી ડિસ્ચાર્જ થતાં સંપર્ક તૂટ્યો**

પોલેન્ડ બોડર હાલ અંધાધૂંધીનો માહોલ ઉભો થયો છે. બોર્ડર પ્રવેશમાં ધક્કામુક્કી સર્જાતાં બોર્ડર સીલ કરી દેવામાં આવી છે. એટલું જ નહીં પરંતુ બોડર ફસાયેલા મેડીક્લ છાત્રોના ફોનની બેટરી ડિસ્ચાર્જ થતાં પરિવારજનો સાથે સંપર્ક તૂટી ગયો છે.

# બોલુન્દ્રામાં ક્લાસમાંથી પરત જતી યુવતીની છેડતી

**અનિચ્છનિય માંગ કરી અપશબ્દો બોલ્યા**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

ઈડર તાલુકાના બોલુન્દ્રા(કવચ) ગામની યુવતી ક્લાસ ભરીને ઘરે પરત ફરતી હતી તે સમયે એક્ટિવા લઈ આવેલ યુવક અને યુવતીએ તેનો હાથ પકડી અનિચ્છનિય માંગણી કરી અપશબ્દો બોલ્યા હતા. યુવતી અન્ય બાઈક ઉપર પીછો છોડાવી ઘરે પહોંચી પરંતુ ત્યાં પણ આવી અપશબ્દો બોલવાની સાથે અમારી સાથે નહીં આવે તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે જાદર પોલીસે ગુનો નોંધ્યો છે. પોલીસ સનીએ આપેલી જાણકારી મુજબ તાલુકાના બોલુન્દ્રા ગામની લત્તા અમૃતભાઈ સોલંકી તા.૨૪ના રોજ ક્લાસ ભરીને પરત ફરતી હતી તે સમયે હિંમતનગર તાલુકાના જાંબુડી ગામનો યોગેશ ભરતભાઈ ઉર્જનિયાં અને હિંમતનગરના ભોલેશ્વરની ભૂમિકા રુપાલા એક્ટિવા લઈ ત્યાં આવી પહોંચ્યા હતા દરમ્યાન બોલુન્દ્રાની યુવતીનો હાથ પકડી અનિચ્છનિય પ્રકારની માંગ સાથે ખેંચતાણ કરી હતી. આ સમયમાં યુવતી મનુભાઈની બાઈક ઉપર બેસી ઘરે રવાના થઈ હતી પરંતુ ઉપરોક્ત યુવક અને યુવતીએ તેનો પીછો કરી ઘર સુધી પહોંચ્યા હતા જ્યાં અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.

# શામળાજી ખાતે ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર હિતુભાઈ કનોડિયાની ઉપસ્થિતિમાં રંગારંગ મહોત્સવ સંપન્ન

બાયડ તા.૨૮

રમત-ગમત,યુવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,ગાંધીનગર અને જિલ્લા વહિવટી તંત્ર, અરવલ્લી દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અરવલ્લીમાં આવેલ જગપ્રસિધ્ધ પવિત્ર યાત્રાધામ શામળાજી ખાતે દ્વિ દિવસીય રંગારગ શામળાજી મહોત્સવને જિલ્લા પ્રભારી મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરે પ્રથમ દિવસે ખુલ્લો મુક્યો હતો. જે અંતર્ગત પ્રથમ દિવસે મહોત્સવમાં





ઝાંઝરી કલ્ચર ગ્રુપ દ્વારા કૃષ્ણલીલાની પ્રસ્તુતિ રજૂ કરાઈ હતી. જયારે બીજા દિવસે ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર તેમજ ઈડરના ધારાસભ્ય શ્રી હિતુભાઈ કનોડિયાની ઉપસ્થિતિમાં શામળાજી પવિત્ર યાત્રાધામમાં યોજાયેલ રંગારંગ મહોત્સવને બીજા દિવસે સંપન્ન કરાયો હતો. આ યોજાયેલ દ્વિ દિવસીય રંગારંગ શામળાજી મહોત્સવના બીજા દિવસે કાર્યક્રમમાં હિતુભાઈ કનોડિયા અને તેમના પત્નિ મોના થીબા તથા કલાવૃંદ દ્વારા કૃષ્ણલીલા કૃતિ રજૂ કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં કલારસિકો ઉપસ્થિત રહી મનોરંજન માણ્યુ હતું.

# જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં લાખોના ખર્ચે તૈયાર પ્રસૃતિ ગૃહ શોભાનો તાજ

**પ્રસૃતિ માટે મહિલાઓને ખાનગી હોસ્પિટલનો આશરો : સરકારના લાખો રૂપિયા પાણીમાં**

હિંમતનગર, તા.૨૮

રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારની સગર્ભા મહિલાઓની પ્રસૃતિ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના પ્રસૃતિ ગૃહમાં થાય તે માટે લાખો રૂપિયાનો ખર્ચ કરી રહી છે પરંતુ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તૈયાર થયેલાં મહિલા પ્રસૃતિ ગૃહો શોભાનો તાજ બની રહ્યાં છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સગર્ભા મહિલાઓને માત્ર જરૂરી ટીકડીઓ આપી પ્રસૃતિના દિવસો નજીક હોય એટલે આરોગ્ય કેન્દ્રોના જવાબદારો હાથ ઉંચા કરી દેતા હોવાથી ખાનગી હોસ્પિટલનો આશરો લેવો પડે છે. જેમાં મોટાભાગે કોઈને કોઈ બહાને સીઝેરીયન દ્વારા પ્રસૃતિ કરાતી હોવાથી ગરીબ પરિવારો ખુલ્લેઆમ લૂંટાઈ રહ્યા છે. જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના પ્રસૃતિ ગૃહોમાં ચાલતી લાલીયાવાડી મુદ્દે ખાનગી હોસ્પિટલોમાં થતી પ્રસૃતિના રજીસ્ટર ચકાસવામાં આવે તો આપો આપ મોટો ભાંડાફોડ થાય તેમ છે. પ્રજાના જનઆરોગ્ય પાછળ સરકાર વર્ષે-દહાડે કરોડો રૂપિયાનું આંધણ કરી આરોગ્ય સુવિધાઓ ઉભી કરી રહી છે. છેવાડાના માનવીનું આરોગ્ય જળવાય અને મહિલાઓને પ્રસૃતિ સમયે સમયસર જરૂરી સારવાર સાથે ઘરઆંગણે સુખરૂપ પ્રસૃતિ થાય તે માટે સરકારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના અસંખ્ય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં લાખોના ખર્ચે પ્રસૃતિ ગૃહો તૈયાર કરાવ્યાં છે પરંતુ મોટાભાગના પ્રસૃતિ ગૃહોમાં ભાગ્યે જ પ્રસૃતિ કરાવાતી હોય છે જેથી સરકારના લાખો રૂપિયા પાણીમાં ગયા હોય તેવી સ્થિતિ છે. ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તપાસ અર્થે આવતી સગર્ભા મહિલાઓની મેડીકલ ઓફીસરો તેમજ અન્ય સ્ટાફ દ્વારા જરૂરી વિટામીન તેમજ આયર્નની ટીકડીઓ આપ્યા પછી પ્રસૃતિની તારીખ નજીક હોય એટલે ખાનગી હોસ્પિટલોમાં ધકેલવામાં આવતી હોય છે. છેલ્લા ઘણા વર્ષોથી સરકારના પ્રસૃતિ ગૃહોમાં આજ પ્રકારે કામગીરી થઈ રહી છે છતાં સરકાર તરફથી કોઈ જ તપાસ થઈ ન હોવાથી પ્રસૃતિ ગૃહોમાં પ્રસૃતિ કરાવવાના નામે નર્યું ધુપ્પલ ચલાવાઈ રહ્યું છે. જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં લાખો રૂપિયાના ખર્ચે અદ્યતન સગવડ સાથેના પ્રસૃતિ ગૃહો તૈયાર તો કરાયાં છે પરંતુ માત્ર ને માત્ર શોભાના તાજરૂપ બની રહ્યાં છે જેથી ગ્રામ્ય વિસ્તારના ગરીબ પરિવારની મહિલાઓ પ્રસૃતિ સમયે ખાનગી હોસ્પિટલોમાં રીતસરની લૂંટાઈ રહી છે.

**જન્મદિને વધામણી**



હાર્દિકભાઈ પટેલ
ટીવી રિપોર્ટર
મોટી ઇસરોલ તા. મોડાસા



દિગેન પટેલ
બાયડ જીલ્લો અરવલ્લી



સંજયભાઈ શર્મા
ટીવી રિપોર્ટર
મોડાસા જિલ્લો અરવલ્લી



હિરેનકુમાર યોગેશભાઈ પંડ્યા
શ્રીજી શરણમ, બાયડ
પ્રા. શિ. આંબાગામ પ્રા. શાળા

# આરોગ્ય તંત્રની ઘોર બેદરકારી, માસ્ક, ગ્લોઝ વગર બાળકોને પોલીયોનાં ટીપાં પીવડાવ્યાં

**અરવલ્લીમાં પોલીયો લક્ષ્યાંક પૂરો કરવામાં કોરોના ગાઈડલાઈનનો ઉલાળીયો**

બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૨૮

અરવલ્લી જિલ્લામાં પોલીયો રવિવારે આરોગ્ય તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. પોલીયો લક્ષ્યાંક પૂરો કરવાની લ્હાયમાં જાહેર સ્થળોએ પોલીયો ટીપાં પીવડાવવા માટે ઉભા કરેલા પોઈન્ટ ઉપર ફરજીયાત માસ્ક અને ગ્લોઝ વગર જ બાળકોને પોલીયોની રસી પીવડાવામાં આવતાં ખુદ આરોગ્ય તંત્રમાં કોરીના ગાઈડલાઈનના ધજાગરા ઉડ્યા છે. દો બુંદ જીંદગીની સાચી પરંતુ હાવિ થયેલા સંક્રમણમાં તકેદારી રાખ્યા વગર જ રસીનાં ટીપાં પીવડાવાં કેટલે અંશે સલામત છે ?? તે તો આરોગ્ય વિભાગ દી શકે પરંતુ જાહેર સ્થળોએ પોલીયો અભિયાનમાં ગાઈડલાઈનનો ઉલાળીયો ચર્ચાનો વિષય બન્યો છે. જિલ્લાના ૧.૧૪ લાખથી વધુ બાળકોને પોલીયોની રસી પીવડાવી સુરક્ષિત કરવાના નિર્ધારીત લક્ષ્યાંક સાથે તા.૨૭ના રોજ આરોગ્ય વિભાગે જિલ્લાભરમાં પોલીયો રસીકરણ અભિયાન શરુ તો કર્યુ પરંતુ કેટલેક ઠેકાણે રસીકરણની જવાબદારી વોલેન્ટરીયર ઉપર મૂકી દેવામાં આવી. અધિકારીઓએ સ્થળ ઉપર હાજર રહેવાને બદલે નાના કર્મચારીઓને આ જવાબદારી સોંપી જેમ બને તેમ રસીકરણનો લક્ષ્યાંક પૂરો કરવા માટે તો ઘડી કાઢ્યો, અરવલ્લી જિલ્લાના બસ મથકોથી માંડી અન્ય જાહેર સ્થળોએ વોલેન્ટરીયર ગોઠવી પોલીયો રસી પીવડાવાની સવારથી શરૂઆત કરી પરંતુ બસ મથકોમાં મુકાયેલા કર્મચારીઓના મોઢ માસ્કનો અભાવ તેમજ હાથમાં ગ્લોઝ પણ પહેર્યા વગર નાના ભૂલકાંઓને ટોળા વચ્ચે રસીનાં ટીપાં પીવડાવામાં આવતાં બાળકો સંક્રમિત થાય તો કોની જવાબદારી ?? તે સવાલ ચર્ચામાં આવ્યો છે. બસ મથકોમાં નાના બાળક સાથે મુસાફર મહિલા જોવા મળે કે તરત દોડી જતી ટીમોના મોઢે માસ્ક પણ જોવા ન મળતાં જાગૃત મુસાફરી ચોંકી ઉઠયા હતા. અનેક બાળકોને આ પ્રકારે જાહેર સ્થળોએ રસીનાં ટીપાં પીવડાવા સમયે કોરોના ગાઈડલાઈનનું પાલન જ થયું ન હોવાથી પોલીયો અભિયાન ચર્ચાના છોગાને ચડ્યું છે. જિલ્લાના ઉચ્ચ આરોગ્ય અધિકારીઓએ રસીકરણ સમયે કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાની જાણે કે કોઈ સૂચના જ આપી ન હોય તેવી સ્થિતિ ઠેકઠેકારો જોવા મળી હતી. ખાસ કરીને બસ મથકોમાં માસ્ક પહેર્યા વગર જ પોલીયોનાં ટીપાં પીવડાવામાં આવતાં તંત્રની જગજાહેર બેદરકારી માટે જવાબદાર કોણ ?? તેવા સવાલો પૂછાઈ રહ્યા છે.

**જિલ્લા આરોગ્ય અધિકારી શું કહે છે**

અરવલ્લી જિલ્લાના જાહેર સ્થળોએ રવિવારે પોલીયો અભિયાન શરુ કરવામાં આવ્યું જેમાં કેટલાક કર્મચારીઓ માસ્ક અને ગ્લોઝ પહેર્યા વગર જ નાના બાળકોને પોલીયોનાં ટીપાં પીવડાવતા હોવાથી સંભવિત સંક્રમણનું જોખમ બાળકો ઉપર ઉભું થયું છે. જિલ્લા આરોગ્ય અધિકારી રમેશભાઈ શ્રીમાળીએ જણાવ્યું કે કોરોનાગાઈડલાઈનની ચૂક થઈ હશે તો હું આ મુદ્દે અધિકારી-કર્મચારીઓને સૂચના આપું છું.

**આર.સી.એચ.ઓ. ઉવાચ – કઈ જગ્યાએ આવું થયું છે**


અરવલ્લીના જાહેર સ્થળોએ પોલીયોનાં ટીપાં પીવડાવા સમયે કર્મચારીઓએ મોંઢે માસ્કન પહેરવાથી માંડી હાથમાં ગ્લોઝ પરા પહેર્યા વગર રસી પીવડાવતાં આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. આર.સી.એચ.ઓ. અલ્પેશ પટેલનો સંપર્ક કરતાં આવું કઈ જગ્યાએ થયું છે. મને જણાવી, ભૂલ થઈ હશે તો હું માસ્ક, ગ્લોઝ પહેરવાની સૂચના આપું છું.

# જિલ્લામાં ઘઉં વાઢવાની કામગીરી માટે પંચમહાલના શ્રમજીવીઓનાં ધાડાં ઉમટ્યાં

**ટેકાના ભાવ જાહેર થયા પછી ખેતરોમાં ઘઉં વાઢવાનો ધમધમાટ**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૧,૪૩,૦૦૦ હેક્ટર જમીનમાં ઘઉનું વાવેતર થયા પછી પાક તૈયાર થઈ ગયો છે. સરકારે ૧ એપ્રિલથી ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવાની જાહેરાત કર્યા પછી ઘઉં વાઢવા માટે બંને જિલ્લામાં પંચમહાલના શ્રમજીવીઓનાં ધાડાં ઉમટ્યાં છે. છેલ્લા એક સપ્તાહથી ખેતરોમાં જ્યાં નજર કરો ત્યાં શ્રમજીવીઓ ઘઉં વાઢવાની કામગીરીમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે. સ્થાનિક



મજૂરોની સીઝનમાં અછતથી ખેડૂતો પરેશાન બની જતા હોય છે પરંતુ દર વર્ષની જેમ આ વર્ષે પણ હજારોની સંખ્યામાં પંચમહાલના આદિવાસી શ્રમજીવીઓએ ઘઉં વાઢવાની કામગીરી ઉપાડી લેતાં ખેડૂતોને ખાસ્સી રાહત થઈ છે.

જિલ્લામાં રવી સીઝનની ખેતીના આરંભે હવામાનમાં અનેક ચઢાવ-ઉતાર જોવા મળ્યા હતા. રવી વાવેતર થયા પછી કમોસમી માવઠાએ ખેડૂતોના જીવ ઉચાટમાં લાવી દીધા. એક તબક્કે પાક ઉત્પાદનમાં ઘટાડો થવાની ચિંતા ખેડૂોને સતાવતી હતી પરંતુ સમયસર સિંચાઈનાં પાણી અને દવા છંટકાવના માધ્યમથી ખેડતોએ ખેતીનું કથળતું ચિત્ર સુધારી દીધું તેમાંય ખેડૂતોનો મોટો મદાર ઘઉંના પાક ઉપર રહ્યો છે. જિલ્લામાં ઘઉંનું વાવેતર થયા પછી ભેલાણ અટકાવવા માટે ખેડૂતોએ રાત-દિવસ ખેતરોમાં વિતાવ્યા પછી હવે ઘઉનો પાક તૈયાર થતાં ખેડૂતો હરખાયા છે. ઓણસાલ ઘઉંનું મબલખ ઉત્પાદન થવાની ધારણા સાથે ઘઉની કાપણી મોટાપાયે શરૂ થઈ છે. સ્થાનિક ખેતમજૂરો સમયસર મળતા નથી તેવામાં સરકારે ટેકાના ભાવે ઘઉની ખરીદી શરુ કરવાની જાહેરાત કરતાંની સાથે જ તમામ વિસ્તારના ખેતરોમાં ઘઉં વાઢવાનો ધમધમાટ શરુ થયો છે. પંચમહાલ વિસ્તારના આદિવાસી ખેતમજૂરોનાં ધાડેધાડાં સીમાડામાં ઘઉં વાઢતા જોવા મળી રહ્યા છે. સરકારે ૧ મણ દીઠ ૨ ૪૦૩ ભાવ ચૂકવવાની જાહેરાત કરી છે. આ સાથે ખાનગી વેપારીઓ પણ ઘઉંના સારા ભાવ ચૂકવશે તેવી આશા સાથે ખેડૂતોએ મોટાપાયે ઘઉં વાઢવાની કામગીરી ઉપાડતાં સીમાડા ધમધમી ઉઠ્યા છે